રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૦/૨૦૧૭

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૦૦૨-(૧૪)-સ તા.૨૮-૪-૨૦૦૩

(૩) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૮-૮-૨૦૧૪

(૪) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૨૦/૦૭/૨૦૧૬

આમુખઃ-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભિત પરિપત્રોથી રાજય સરકારના બાંધકામના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડરના કલોઝ-૩૬ અને બી-૨ ટેન્ડરના કલોઝ-૩૫માં ઉપરોકત સંદર્ભિત પરિપત્રોની તારીખથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગેના પ્રમાણપત્રોનો આગ્રહ રાખવાનો રહેશે નહી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે અને આ પરિપત્રોથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબતનો “ના વાંધા પ્રમાણપત્ર”નો આગ્રહ રાખવો નહીં તેમ વખતોવખત સૂચના આપવામાં આવેલ હોવા છતાં તેની અમલવારી બધા વિભાગમાં એકસરખી રીતે કરવામાં આવતી નથી. આ બાબત કોન્ટ્રાકટર્સ એસોસીએશનની પુનઃ રજુઆત અન્વયે સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

પરિપત્રઃ-

આથી સંબંધિત સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીએ જે તે કામ પૂર્ણ થયેથી જે તે કામની સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી અંગે જે તે કામ માટે ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાના “ના વાંધા પ્રમાણપત્ર”નો આગ્રહ રાખવો નહીં.

વધુમાં સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, રોયલ્ટી ભરવા અંગેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારશ્રીની હોય સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવાની બાકી હશે તો તે ભરપાઇ કરવા ઇજારદારશ્રી બંધાયેલ છે તેવા પ્રકારની ઇજારદારશ્રી પાસેથી બાંહેધરી અચૂકપણે મેળવી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત બાબત ધ્યાનમાં લેવા અને તેના કારણે કામની સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરવા વિલંબ ના થાય તે માટે આથી સુચના આપવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી )
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર